ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

<u>ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ</u>

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date 8th June, 2021

પ્રતિ,

તંત્રી શ્રી,

..................................,

ભાવનગર.

**વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. 05-06-2021 થી તા.15-06-2021 દરમ્યાન લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર & GPCB ભાવનગર સંયુક્ત ઉપક્રમે ચિત્ર સ્પર્ધા અને પ્રાદેશિક વિજ્ઞાન મ્યુજીયમ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા, શોર્ટ વિડીયો સ્પર્ધાનું આયોજન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

પૃથ્વીના ઉત્પતિ સમયથી વનસ્પતિનું સર્જન થયેલું છે. સમયાંતરે અનેક જીવોની ઉત્પતિ દ્વારા અલગ અલગ પ્રકારથી વનસ્પતિઓનો ઉપયોગ થતો આવ્યો છે. પરંતુ અત્યાધુનિક સુવિધાઓ અને જરૂરીયાતો સંતોષવા વનસ્પતિની સાથે અનેક જીવોની સમગ્ર જાતિ-પ્રજાતિઓ લુપ્ત થઇ છે અને સંકટમાં મુકાઇ છે. સમય સાથે હવે સમજાઈ રહ્યું છે કે જો તમામ વનસ્પતિનો નાશ થશે તો પૃથ્વીનો વિનાશ દુર નથી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આપણા આસપાસના પર્યાવરણના સંરક્ષણ માટે જાગૃતિ લાવવા વિશ્વ પર્યાવરણ દિવસની પ્રથમ ઉજવણી 5 જુન 1974 ના દિવસે કરવામાં આવી હતી. દર વર્ષે ચોક્કસ થીમ સાથે આ દિવસ મનાવવામાં આવે છે.

સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૧ની ઉજવણી 'Ecosystem Restoration' થીમ પર થઇ રહી છે. જેના ભાગ રૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ઉપરોક્ત વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરેક સ્પર્ધાઓ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓનલાઈન માધ્યમથી આયોજિત કરવામાં આવી છે. આ સ્પર્ધાઓમાં ૨ વય જૂથ (શાળા કક્ષા અને કૉલેજ કક્ષા)ના આધારે ભાગ લઇ શકાશે. ચિત્ર માટે વપરાતી A3 સાઈઝની ડ્રોઈંગ શીટમાં ભાગ લેનારનું પૂરું નામ, જન્મતારીખ, વય જૂથ, અને મોબાઈલ નંબર ચિત્રની પાછળની બાજુએ લખીને ૧૫-૦૬-૨૦૨૧ તારીખ સુધીમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, સંસ્કાર મંડળ, ભાવનગર પર રૂબરૂ જમાં કરાવવાનું રહેશે. ભાગ લેનાર દરેક વ્યક્તિને ઇ-પ્રમાણપત્ર તથા વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવશે.

ઉપરાંત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને રીજીઓનલ સાયન્સ મ્યુઝિયમ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ૫ જૂન, ૨૦૨૧ થી ૧૫ જૂન, ૨૦૨૧ દરમિયાન 'પર્યાવરણની પુનઃ સ્થાપના' વિષય પર ઓનલાઈન ક્વીઝ સ્પર્ધા અને શોર્ટ વિડીયો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં આપના દ્વારા બનાવાયેલ વિડિયો (વધુ માં વધુ ૨ મીનીટ) વિજ્ઞાન કેન્દ્રની નીચે દર્શાવેલ વેબસાઈટ પર અપલોડ કરવાનો રહેશે.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની વેબસાઈટ www.krcscbhavnagar.org / current events પર સ્પર્ધા અંગેની વધુ માહિતી મેળવી શકાશે. વધુ માહિતી માટે 8866570111 પર સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં સંપર્ક કરી શકાશે.

8/06/2021
4:30pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar